જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૧/૨૦૧૯ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૮૪/૧૯

### અંજલી ઓવરબ્રીજ ઉપર સોનાના દાગીનાની લુટ કરનાર રીઢા આરોપીઓને મુદ્દામાલ સાથે ગણતરીના સમયમા ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરના વાસણા વિસ્તારમાં આવેલ અંજલી ઓવરબ્રીજ ઉપર ગઇ તા.૨૧/૧૧/૨૦૧૯ ના રોજ સવારના સાડા અગિયાર વાગ્યાથી પોણા બાર વાગ્યાના સમયગાળા દરમ્યાન બે અજાણ્યા માણસોએ એક્ટીવા જેવા વાહન ઉપર બેસી આવી ૧૯૧૨.૫૩૦ ગ્રામ વજનનું સોનું કિંમત રૂ.૬૫,૯૨,૪૮૬/- ની મત્તાની લૂંટ કર્યા બાબતે વાસણા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયેલ.

ઉપર જણાવ્યા મુજબનો લૂંટના ગંભીર બનાવ અંગેના ગુનાની જાહેરાત થતાં કાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર સાહેબ, તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓના માર્ગદર્શન અને સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબની રાહબરી હેઠળ કાઇમ બ્રાન્ચના અધિકારીઓની અલગ અલગ ચાર ટીમો બનાવી જેમા પોલીસ ઈન્સપેક્ટર (૧) શ્રી ડી.બી.બારડ (૨) શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ (૩) શ્રી કે.જી.ચૌધરી (૪) શ્રી આર.એસ.સુવેરા નાઓ ને ગુન્હો શોધી કાઢવા બાબતે અલગ અલગ દિશાઓમાં તપાસ કરી માહિતી એકત્રીત કરવાની કાર્યવાહી હાથ ધરી મળેલ માહિતી આધારે વર્કઆઉટ કરવામાં આવેલ.

આ દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓએ આ ગુનો શોધી કાઢવા પોતાની ટીમના અધિકારી તથા કર્મચારીઓ તથા બાતમીદારો મારફતે કાર્યવાહી હાથ ધરેલ. દરમ્યાન આજરોજ સવારના પો.ઈ. શ્રી એન.આર. બ્રહ્મભટ્ટ નાઓને મળેલ બાતમી હકીકત સબંધે પો.સ.ઈ. શ્રી વી.એન.ભરવાડ નાઓને સુચના કરતા પો.સ.ઇ. શ્રી વી.એન.ભરવાડ નાઓએ સ્ટાફના માણસો સાથે દાણીલીમડા કાશીરામ ફેક્ટરી પાસે છુટા છવાયા વોચમાં હાજર રહેલા. વોચ દરમ્યાન એક બર્ગમેન મોપેડ ઉપર બેસી આવેલ નીચે જણાવેલ નામવાળા ત્રણ ઇસમોને આ ગુનામાં લુટમાં મેળવેલ સોનાના દાગીના ૧૮૪૧.૨૮૦ ગ્રામ વજનના કિંમત રૂ.૬૩,૨૨,૭૨૪/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂ.૭,૫૦૦/- તથા સુઝુકી બર્ગમેન મોપેડ કિંમત રૂ.૬૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૬૩,૯૦,૨૨૪/- ની મત્તા સાથે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે આરોપીઓ તથા મુદ્દામાલ વાસણા પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

**અટક કરેલ ઇસમોના નામ સરનામા.**

(૧) ઘનશ્યામ કાળીદાસ શ્રીમાળી મ.નં.૩૦, ઓમનગરી ટેનામેન્ટ નારોલ કોર્ટની આગળ નારોલ.અમદાવાદ.

(૨) એહમદ ઉર્ફે ગોલી રહેમતખાન જાબાજખાન પઠાણ ઉ.વ ૪૨ રહે મ.નં બ્લોક ૩૬/૧૧૪૯ મ.નં.૧૧૪૯/૩૬, ચાર માળીયા સદભાવનાનગર ચોકીની પાછળ, વટવા અમદાવાદ શહેર.

(૩) ઈકબાલ ઉર્ફે શાહરુખ સ/ઓ ગફારભાઈ મહંમદભાઈ શેખ ઉ.વ ૪૨ રહે મ.નં.૧, શીન પાર્ક, એકતા મેદાનની સામે જુહાપુરા અમદાવાદ.

ઉપરોક્ત ઇસમોની પુછપરછ દરમ્યાન પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી ઘનશ્યામ કાળીદાસ શ્રીમાળી અગાઉ હોમગાર્ડમાં નોકરી કરતો હતો. જે દોઢ વર્ષ અગાઉ રાજસ્થાન ખાતે લુંટના ગુનામાં પકડાયા બાદથી હોમગાર્ડમાં ફરજ બજાવતો નથી. આ ઘનશ્યામ શ્રીમાળી તા.૨૧/૧૧/૨૦૧૯ ના રોજ સવારના શાસ્ત્રીબ્રીજ પોલીસ ચોકી ખાતે તેના મિત્ર કમરૂદ્દીન શેખ સાથે ઓટોરીક્ષામાં હાજર હતો દરમ્યાન નારોલ સર્કલ તરફથી આવેલ ફાલ્કન લકઝરી બસના ચેકીંગ દરમ્યાન પોલીસે બે પેસેન્જર નવીનભાઈ સંઘવી તથા બીપીનભાઈને નીચે ઉતારી ચોકીમાં લઇ જઇ પુછપરછ કરી તપાસ કરતા પેસેન્જર પાસેના થેલામાં સોનાના

દાગીના મળી આવેલ બાદ પેસેન્જરોએ તેના શેઠ મહાવીરભાઈ નાઓ મારફતે અમદાવાદ ખાતેના પરીચીત રમેશભાઈ નાઓને બોલાવતા તે પોતાની પાસેના એક્ટીવા સાથે શાસ્ત્રીબ્રીજ પોલીસ ચોકી ખાતે આવેલા.

આ દરમ્યાન ધનશ્યામ શ્રીમાળી તથા કમરૂદીન શેખ ઉપરોક્ત બધી વિગતોથી વાકેફ હોય કમરુદીનાઓએ તેના મળતીયા એહમદ ઉર્ફે ગોલી તથા ઈકબાલ ઉર્ફે શાહરુખને સંપર્ક કરી બોલાવેલ અને શાસ્ત્રીબ્રીજ પોલીસ ચોકી ખાતે લકઝરી બસમાંથી ઉતારેલ પેસેન્જરો પાસે સોનાના દાગીના ભરેલ થેલો હોવાનું જણાવી તે સોનાના દાગીનાની લૂંટ કરવાનું નક્કી કરેલ અને રમેશભાઈ લઈ આવેલ એક્ટીવાનો નંબર કમરુદીને શાહરુખ અને અહેમદને આપેલ અને આ દરમ્યાન લકઝરી બસમાંથી ઉતરેલ પેસેન્જરો પૈકી એક નવીનભાઈ તથા આવેલ રમેશભાઈ એક્ટીવા ઉપર સોનાના દાગીનાઓનો થેલો લઈ શાસ્ત્રીનગર બ્રીજ તરફથી વિશાલા સર્કલ થઇ અંજલી તરફ જવા નીકળેલ અને બીપીનભાઈ નાઓ અન્ય રીક્ષામા નીકળેલ તે વખતે ધનશ્યામ શ્રીમાળી તથા કમરૂદીને તેઓના પાછળ પાછળ રીક્ષા લઈ ગયેલ અને તેના મળતીયા એહમદ ઉર્ફે ગોલી તથા ઈકબાલ ઉર્ફે શાહરુખ નાઓ વિશાલા સર્કલ પહેલા મેટ્રો ટ્રેનના બ્રીજની નીચે સુઝુકી બર્ગમેન મો.સા. લઈ રાહ જોઈ ઉભા રહેલ ને એક્ટીવા સવાર પેસેન્જર તથા બીજો વ્યક્તિ ત્યા પહોંચતા આ બંનેને દુરથી ઈશારો કરી તથા ફોન કરીને બતાવેલ અને આ એક્ટીવા ઉપર સવાર ફરીયાદી નવીનભાઈ તથા રમેશભાઈ નાઓનો પીછો કરવા ઈશારો કરેલ જેથી પકડાયેલ અહેમદ તથા શાહરુખ તેઓનો પીછો કરેલ અને મોકો મળતા અંજલી બ્રીજ ઉપર આવતા એહમદ ઉર્ફે ગોલી તથા ઈકબાલ ઉર્ફે શાહરુખે સોનાના દાગીના સાથે જતા નવીનભાઈ તથા રમેશભાઈ ને આંતરી લઈ ધાક ધમકી આપી ઝપાઝપી કરી સોનાના દાગીના ભરેલ બે ડબ્બાની લૂંટ કરી નાસી ગયેલા.

<u>આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ ગુન્હાઓ</u>

<u>આરોપી : (૧) ધનશ્યામ કાળીદાસ શ્રીમાળી</u> આશરે દોઢેક વર્ષ અગાઉ રાજસ્થાન ચુરૂ ખાતે આવેલ પેટ્રોલ પંપ ઉપર રૂ.૧૫,૦૦,૦૦૦/- ની લુટનો બનાવ બનેલ. તે લુટનો મુદામાલ લઇ આરોપીઓ અમદાવાદ ખાતે આવતા સદર આરોપી હોમગાર્ડમાં નારોલ સર્કલ પાસે વાહન ચેકીગમાં ફરજ ઉપર હતો દરમ્યાન રાજસ્થાન લુટના આરોપીઓને રોકી તેઓ પાસેથી લુટના મુદામાલની લુટ કરેલ હોય તે રાજસ્થાનના ચુરૂ જીલ્લાના બીદાશર પોલીસ સ્ટેશન ખાતેના ગુનામાં પકડાયેલ છે.

<u>આરોપી: (૨) એહમદ ઉર્ફે ગોલી રહેમતખાન જાબાજખાન પઠાણ</u> સને ૨૦૦૪ માં દાણીલીડા પો.સ્ટેશન ખાતે દેશી દારૂના ગુનામાં તથા સને ૨૦૦૬ માં દાણીલીમડા ખાતે વાહન તથા મોબાઇલ ફોનની ચોરીના ગુનામાં પકડાયેલ હતો. ત્યાર બાદ સને ૨૦૦૯ માં નવરંગપુરા, કાગડાપીઠ તથા અડાલજ પોલીસ સ્ટેશનમાં ચેન સ્નેચીગનાં ગુન્હામાં પકડાયેલ હતો. બાદ સને ૨૦૧૩ માં વટવા પો.સ્ટેશન ખાતે ચેન સ્નેચીગના ગુન્હામાં પકડાયેલ હતો. સને-૨૦૧૬ માં એલ.જી. હોસ્પીટલ ખાતે ૩૦૭/ખુનની કોશીષના ગુનામાં મણીનગર પો.સ્ટેશન ખાતે પકડાયેલ હતો. આમ સદર આરોપી લુટ તથા ખુનની કોષીશ જેવા ગંભીર ગુન્હામાં અગાઉ પકડાયેલ છે.

<u>આરોપી: (૩) ઈકબાલ ઉર્ફે શાહરૂખ સ/ઓ ગફારભાઈ મહંમદભાઇ શેખ</u> સને ૨૦૦૯ દરમ્યાન ચેઇન સ્નેચીંગના ગુનાઓમાં કાગડાપીઠ, અડાલજ તથા રામોલ પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ હતો. સને-૨૦૦૭ દરમ્યાન મોબાઇલ સ્નેચીંગના ગુનામાં ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ હતો. સને-૨૦૧૩ દરમ્યાન લૂંટના ગુનામાં ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ હતો. સને-૨૦૧૬ દરમ્યાન મારામરીના ગુનામાં ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ હતો.



## નારોલ પોલીસ સ્ટેશન :

### મોબાઈલ ફોનની ચીલઝડપના બે આરોપીઓને ચોરીના મોબાઈલ ફોન નંગ ૫ તથા એકસેસ ગાડી સાથે પકડી નારોલ પોલીસ સ્ટેશનના ચીલઝડપના ગુનાનો ભેદ ઉકેલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ આપેલ સુચના મુજબ આજરોજ સર્વેલન્સ સ્કોડ અ.હે.કો.વનરાજભાઈ વલકુભાઈ બ.નં.૫૭૬૩ તથા અ.હે.કો. હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા પો.કો કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા મહેશભાઈ બાબુભાઈ બ.નં.૧૩૦૬૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલિંગ ફરતા ફરતા કલાક ૧૫/૦૦ વાગે વટવા ટર્નિંગ પાસે આવતાં સાથેના પો.કો ગોવિંદસિંહ દિલીપસિંહ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે "એક સિલ્વર કલરની નંબર પ્લેટ વગરની એકસેસ ગાડી ઉપર બે ઇસમો કોઈ જગ્યાએથી ચોરી અગર છળકપટથી કેટલાક મોબાઈલ ફોન મેળવી લઈ નારોલ સર્કલ તરફથી એકસેસ ગાડી ચલાવી લઈ આવી અત્રે થઈ વટવા ગામ તરફ જવાના છે જેમા ગાડીના ચાલકે રાખોડી વાદળી કલરનુ ગોળ ગળાનુ ટી-શર્ટ તથા વાદળી કલરનુ લોવર પહેરેલ છે અને પાછળ બેઠેલ ઇસમે વાદળી કલરનુ ટી-શર્ટતથા કાળા કલરનુ લોવર પહેરેલ છે અને શંકાસ્પદ હાલતમાં છે." જે બાતમી આધારે સદરી બંને ઈસમોની વોચમાં રહેતાં થોડીવારમાં ઉપરોકત બાતમી હકિકતમાં જણાવેલ વર્ણનવાળા બંને ઈસમો દુરથી એકસેસ ચલાવી લઈ આવતાં જણાતા તેમને કોર્ડન કરી રોકી લઈ સદરી બંને ઈસમોના નામ ઠામ પુછતાં એકસેસ ચાલકે પોતાનુ નામ મોસીનખાન સ/ઓ મોજીદખાન નજરખાન જાતે પઠાણ ઉ.વ.૨૨ રહે મ.નં.૨૬૦ બ્લોક નં ૯ ગર્જેન્દ્રનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેરનાનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતીમાંથી બે મોબાઈલ ફોન મળી આવેલ તથા એકસેસની પાછળ બેઠેલ ઈસમે પોતાનુ નામ હાજીભાઈ રફીકભાઈ જાતે શેખ ઉ.વ.૩૧ રહે મ.નં બી/૦૫ ખ્વાજાનગર બાગેફીશરની બાજુમાં નારોલ અમદાવાદ શહેરનાનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતીમાંથી ત્રણ મોબાઈલ ફોન મળી આવેલ જેથી બંને ઈસમો પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન ચોરી અથવા છળ કપટથી મેળવેલાનુ જણાતાં તે અંગે તપાસ કરતાં સેમસંગ કંપનીનો મળી આવેલ મોબાઈલ ફોન બાબતે નારોલ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી બંને આરોપીઓ પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન નંગ-૦૫ કિ.રૂ.૨૪૦૦૦/- તથા એકસેસ ગાડીની કિ.રૂ.૩૦,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૫૪,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી નારોલ પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુ.ર.નં.૨૦૮/૨૦૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના ગુનામાં આજરોજ તા.૨૩/૧૧/૧૯ ના કલાક ૧૬/૩૦ વાગે પકડી અટક કરી નારોલ પોલીસ સ્ટેશન ખાતેનો ચીલઝડપનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. અને બીજા કબ્જે કરેલ ચાર મોબાઈલ ફોન બાબતેની તપાસ તજવીજ ચાલુ છે.



**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## જુગારના સાધનો સાથે ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે આજરોજ તા.૨૪/૧૧/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે એક ઇસમ ચંન્દ્રલોક ટાવર આગળ જાહેર રોડ ઉપર બહારથી ગ્રાહકો બોલાવી બોમ્બે વરલી મટકાનો મિલનનો આંક ફરકનો હાર જીતનો જુગારની સટ્ટા સ્લીપો સાથે મળી આવતા તેના વિરુધ્ધમાં ધી જુગારધારા કલમ-૧૨ (અ) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આરોપીનું નામ :-** (૧) રમેશભાઇ આત્મારામ જાદવ ઉ.વ.૭૩ ધંધો-નિવૃત રહે.મ.નં.૪૨ મગનલાલ પાર્ક સોસા,વિઠ્લનગર ચાર રસ્તા પાસે, શાહીબાગ, અમદાવાદ શહેર તથા હાજર નહી મળી આવેલ (૨) નરેશ ઠાકોર રહે.ભાઇચંદપુરાની ચાલી,પોપટલાલની ચાલીના નાકે, શાહીબાગ, અમદાવાદ શહેર

**મુદ્દામાલ :-** સટ્ટા સ્લીપ નંગ-૩ ની કી.રુ.૦૦/૦૦ તથા પેન નંગ-૧ ની કી.રુ.૦૦/૦૦ તથા અંગઝડતીના રોકડા નાણાં રુ.૧૦૦૨૦/- તથા મોબાઇલ ફોન-૧ કિ.રૂ.૩૦૦/- ની કુલ્લે કિ.રૂ.૧૦૩૨૦/- મત્તાનો

**કામગીરી કરનાર અધિ./કર્મચારી:-** સર્વેલન્સ સ્કવોડ પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.બિપીનકુમાર ખુશાલદાસ બ.નં.૮૯૩૧ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.